નવી બાબત વર્ષ ૨૦૨૬-૨૭

સમાજ સુરક્ષા ખાતા હસ્તકની દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓના અંતેવાસીઓની માસિક નિભાવ ગ્રાન્ટ રૂ.૨૧૬૦/-થી વધારીને રૂ.૨૫૦૦/- કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:SJED/NWR/e-file/17/2025/2619/CHH

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૪/૨૦૨૬

વંચાણે લીધા:

(૧) વિભાગનો તા.૧૬/૧૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:-વનપ/૧૦૨૦૧૭/૭૯૦૬૯/નબા/છ.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૦૩/૦૩/૨૦૨૬નો પત્ર ક્રમાંક:-DSD/MISC/e-file/226/2025/0896/Planning Branch.

પ્રસ્તાવના:

વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના વિભાગના તા.૧૬/૧૧/૨૦૧૯ના ઠરાવ મુજબ રાજ્ય સરકારના સમાજ સુરક્ષા ખાતા હસ્તકની દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓ અને બાળ કલ્યાણ હેઠળ કામ કરતી સંસ્થાઓના અંતેવાસીઓની માસિક નિભાવ ગ્રાન્ટ રૂ.૨૧૬૦/-(અંકે રૂપિયા બે હજાર એક સો સાઈઠ પૂરા) મંજૂર કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના નિયામકશ્રી, સમાજ સુરક્ષાના તા.૦૩/૦૩/૨૦૨૬ના પત્રથી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં સમાજ સુરક્ષા ખાતા હસ્તકની દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓના અંતેવાસીઓની માસિક નિભાવ ગ્રાન્ટ રૂ.૨૧૬૦/-થી વધારીને રૂ.૨૫૦૦/- કરવા માટે રૂ.૨.૭૫ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સમાજ સુરક્ષા ખાતા હસ્તકની દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓના અંતેવાસીઓની માસિક નિભાવ ગ્રાન્ટ રૂ.૨૧૬૦/-થી વધારીને રૂ.૨૫૦૦/-(અંકે રૂપિયા બે હજાર પાંચસો પૂરા) કરવાની રૂ.૨.૭૫ કરોડની નાણાકી વર્ષ ૨૦૨૬-૨૭ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) સદર નવી બાબતનો ખર્ચ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી કરવાનો રહેશે.

(૨) સદરહુ યોજનાની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનું ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની રહેશે.

(3) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહીં તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષા એ રાખવાની રહેશે.

(૪) સદર ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૫) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉધ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૬) નિયામક્શ્રી સમાજ સુરક્ષાએ નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે

(૭) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૮) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૯) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૧) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૨) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૩) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૪) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યું ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનું આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

(૧૫) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૬) આ યોજના હેઠળ અગાઉ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨. આ અંગેનું ખર્ચ માંગણી નં:૯૨-(પ્લાન); મુખ્ય સદર: ૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ; પેટા મુખ્ય સદર: ૦૨- સમાજ કલ્યાણ; ગૌણ સદર: ૧૦૧- વિકલાંગનું કલ્યાણ; પેટા સદર: (૦૧) SSW-૦૫ વિકલાંગો માટેની કલ્યાણ યોજના (પ્લાન) હેઠળ ઉધારવાનું રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જીગર પટેલ)

સેક્શન અધિકારી

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. રા.ક. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૪) નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઈટ પર ઓનલાઈન મુકવા વિનંતી સહ).

(૧૧) સિલેક્ટ ફાઈલ.

*Signature Not Verified*

*Signed by:Jigar Patel*
*Section Officer*
*Date:2026.04.30*
*13:46:26 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*